॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમો નમઃ ॥

ૐ

શ્રી સતપંથ જ્ઞાનમાલા

સૌજન્ય :— સતપંથ સનાતન સેવા મંડળ,
મુંબઈ


realpatidar.com
॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ નમો નમઃ ॥
ૐ
શ્રી સતપંથ જ્ઞાનમાલા
સૌજન્ય :— સતપંથ સનાતન સેવા મંડળ,
મુંબઈ
realpatidar.com

ॐ

॥ શ્રી સદ્‌ગુરૂ દેવાય નમઃ ॥

બે બોલ ....

વહાલા ધર્મ પ્રેમી જનો,

આજના હળાહળ કળિકાળ માં વૈદિક ધર્મનું અતિ ઘણું મહત્વ રહેલું છે જેમાં આજે હિંદુ ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવું અતિ આવશ્યક થઈ પડયું છે. પશ્ચિમની સંસ્કૃતિની વિકૃત અસરો દ્વારા આપણો ધર્મ અને સંસ્કૃતિ પાંગળી બની રહી છે. હિંદુ ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કરવાના પ્રયાસરૂપે આજે અખિલ ભારતીય સતપંથ સનાતન સેવા મંડળ દ્વારા દેશના મહાન સંતો, મહંતો, જગદ્‌ગુરુ શંકરાચાર્યો, મહા મંડલેશ્વરો તથા પૂ. આચાર્યોના સાનિધ્યમાં મુંબઈ ખાતે તા. ૩૦–૩૧ ડિસેમ્બર ૧૯૯૫ ના રોજ પીઠાધિશ્વર વીરવર્ય આચાર્ય શ્રી કરશનદાસજી મહારાજ (ઉપાધ્યક્ષ પશ્ચિમાચલ પ્રદેશ, અખિલ ભારતીય સંત સમિતિ), ની પ્રેરણાથી યોજવામાં આવેલ છે.

આ અધિવેશનના યજમાન તરીકે દિવ્ય પુરુષોની અમૃતવાણી, આશિર્વચનો અને ગત્‌ગંગાનાં દર્શનની આપણને તક સાંપડી છે ત્યારે ઋણાનુ મુક્તિ માટે દક્ષિણા સ્વરૂપે આ સ્મરણિકા પ્રકાશિત કરતાં આનંદ થાય છે.

આ પુસ્તિકા નિત્યકર્મ તેમજ ખટકર્મ કરવા માટે અતિ ઉપયોગી છે જેમાં ગુરૂવંદના, પ્રાર્થનાઓ, મંત્રો તેમજ પ્રભુવંદના માટેનાં કિર્તનો તથા સદ્‌ગુરૂ મહારાજની શિક્ષાપત્રી આપેલ છે જેને નિત્ય ભજીને આપણે સામાજીક પ્રાણી તરીકેની સાર્થકતા પૂરવાર કરીને ચોર્યાસીના ફેરામાંથી મુક્તિ મેળવીએ એજ અભ્યર્થના.

એજ લિ.
સતપંથ સનાતન સેવામંડળ
મુંબઈ વતીથી

ૐ

શ્રી ગણેશાય નમઃ





સદ્‌ગુરૂ શ્રી ઈમામશાહ મહારાજ



આચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી

ૐ

॥ સતપંથ ધર્મના સિદ્ધાંતો ॥

૧) **ઉપાસના:**

સત્ય, પુરૂષાર્થ, પ્રેમ, સમભાવ, ક્ષમા

૨) **પ્રતિજ્ઞા :**

: વૈદિક ધર્મના આદેશોનું પૂર્ણ પાલન

: ભાવિ બાળપેઢીને સાંસ્કૃતિક અને વૈદિક ધર્મની કેળવણી.

: અંધ શ્રધ્ધા અને કુરિવાજોનો ત્યાગ

૩) **શુધ્ધિકરણ :**

(અ) શરીર શુધ્ધિ :

– બ્રાહ્મ મુહુર્તમાં સ્નાન

– દેવદર્શન જતાં સ્વચ્છતા, પવિત્ર વસ્ત્ર પરિધાન અને મર્યાદા પાલન

– બાળ જન્મ અને મરણ ક્રિયાઓ ના અંતે પવિત્રતા.

– સ્ત્રીને પ્રસુતિ અને રજોદર્શન ના સમય દરમ્યાન પવિત્રતા.

(બ) હૃદય શુધ્ધિ :

- તમોગુણના નાશ માટે લસણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ, મદિરા, આદિ તામસી પદાર્થોના આહારમાંથી ત્યાગ.
- ઘર – બાહય આહાર વિહારમાં વિવેક અને સંયમ.

(ક) વ્રત :

- યુગ પ્રમાણેનું સુદ શુક્રવારની બીજનું વ્રત કરવું.

(ડ) દાન દક્ષિણા :

- પોતાની કમાણીનો દશમો કે વીસમો ભાગ પ્રભુકાર્યાર્થે અલગ કાઢવો.
- દિવસના ૨૪ કલાકમાંથી દશમો કે વીસમા ભાગ જેટલો સમય જપ–તપ માં કાઢવો.

૪) **ઉપાસના :**

પ્રભાતે – સૂર્યોદય પહેલાં
બપોરે – બાર અને એક વાગ્યા વચ્ચે.
સાંજના – સૂર્યાસ્ત અને અંધારા વચ્ચે.
મધ્યરાત્રિ – રાત્રે બાર અને એક વાગ્યા વચ્ચે.
વારિયજ્ઞ – ઘટપાટની પૂજાવિધિ.

(યુગ પ્રવર્તક અથર્વવેદ આધારિત)

૫) **ધ્યેય :**

આજના કળિયુગના અંતિમ દશમા અવતાર આદ્ય વિષ્ણુશ્રી નિષ્કલંકી નારાયણ તેમજ આદ્યશક્તિ માતા તેમજ પ્રણવ મંત્ર "ૐ" ને ધ્યેય પુરુષ માનવા અને તેમના નામના જાપ જપવા

❖ ✦ ❖

ॐ

॥ શ્રી સદ્‌ગુરૂ દેવાય નમઃ ॥

શ્રી ગણેશ સ્તવન

વિઘ્નહર્તા, સુખકર્તા, જય ગણેશ દેવા,
માતા જેની પાર્વતીને પિતા શંકર દેવા.
ભકતોનું મંગળ કરીને, તત્પર દર્શન દેવા,
નમું પ્રેમે દયાળુ તમને, જય જય ગણપતિદેવા.

પ્રભાત – કરદર્શનમ્

કરાગ્રે વસતે લક્ષ્મીઃ, કરમુલે સરસ્વતી ।
કરમધ્યે તું ગોવિંદઃ, પ્રભાતે કરદર્શનમ્ ॥

પૃથ્વીમાતાને પ્રણામ

સમુદ્રવસને દેવી, પર્વત સ્તન મંડલે ।
વિષ્ણુ પત્નિ, નમસ્તુભ્યં પાદસ્પર્શ ક્ષમસ્વમે ॥

નરનારાયણને વંદન

નારાયણં નિરાકારં નરવીરં નરોત્તમમ્ ।
નૃસિહં નાગનાથં ચ તં વંદે નરકાંતકમ્ ॥

શ્રી નારાયણ સ્તવન

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરૂષોત્તમ ગુરૂ તું,
સિધ્ધ બુધ્ધ તું, સ્કંધ વિનાયક સવિતા પાવક તું,
બ્રહ્મ મજદ્ તું યહ્વ શકિત તું, ઈશુ પિતા પ્રભુ તું,
રુદ્ર વિષ્ણુ તું, રામકુષ્ણ તું, રહીમતાઓ તું,
વાસુદેવ તું, વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું,
અદ્વિતીય તું, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું
ૐ .... તત્સત્ શ્રીનારાયણ તું પુરૂષોત્તમ ગુરૂ તું.

શ્રી વિષ્ણુ સ્તવન

શાન્તાકારં ભુજંગશયનં, પદમનાભં સુરેશમ્ ।
વિશ્વાધારં ગગનશદર્શ મેઘવર્ણ સુભાંગમ્ ।
લક્ષ્મીકાન્તમ્ કમલનયનં યોગિભિર્ધ્યાનગભ્યમ્ ।
વદે વિષ્ણુ ભવભયહરં સર્વ લોકેક નાથમ્ ॥

શ્રી ગુરૂપદ વંદના

૧) ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા .. ।
ગુરૂ સાક્ષાત પરિબ્રહ્મ, તસ્મયે શ્રી ગુરૂદેવ નમઃ ॥

૨) ધ્યાન મૂલમ ગુરૂમૂર્તિ, પૂજા મૂલમ ગુરૂ પદમ્ ।
મંત્ર મૂલમ ગુરૂ વાકય, મોક્ષ મૂલમ ગુરૂ કૃપાય ॥

૩) પદવંદન કરૂં ગુરુદેવનું જે સકળ ગુણ ચતુર સુજાણ
પુરણ બ્રહ્મ દૃષ્ટે કરી અચળ પુરૂષ પુરાણ
પુજન કરૂં ગુરૂપદનું જેથી ચૌદે લોક પૂજાય
શેષ બ્રહ્મા શકિત મળી, ગુણ ગુરૂજીના ગાય
કૃપા હોય જો ગુરૂદેવની તો ટળે ચોર્યાશીના તાપ
જન્મ મરણની આપદા છૂટે આપો આપ.

શ્લોક

૧) મુકં કરોતિ વાચાલં પંગુ લંઘયતે ગિરીમ્ ।
યત્કૃપા તમહં વન્દે પરમાનંદ માધવમ્ ॥

૨) ત્વમેવ માતા ચ, પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુ ચ, સખા ત્વમેવ ।
ત્વમેવ વિદ્યા ચ, દ્રવિણં ત્વમેવ
ત્વમેવ સર્વ મમ દેવ દેવઃ ॥

ગીતા સંદેશ

યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારતઃ
અભ્યુસ્થાનમ્ ધર્મસ્ય તદાત્માનમ્ સૃજામ્યહમ ॥
પરિત્રાણાય સાધુનામ, વિનાશાય ચ દુષ્કૃતમ્ ।
ધર્મ સંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે ॥

શ્રી નિષ્કલંકી ગાયત્રી મંત્ર

ૐ નમો નિષ્કલંકી નારાયણ જનાર્દનાય
ભસ્મા યુધાય વિદ્મહે દિવ્ય નેત્રાય ધિમહી
તન્નો જ્વર હરઃ પ્રચોદયાત
ૐ શાંતિઃ । શાંતિઃ ॥ શાંતિઃ ।॥

શ્રી ગાયત્રી મંત્ર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ।
ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત ॥

❖ ✦ ❖

ૐ

સતપંથી યજ્ઞ વિધિ – નવધા ભક્તિમાં

૧) **શ્રવણ ભક્તિ :–**

કથા કીર્તન વગેરેનું શુદ્ધ મને શ્રવણ કરવું, યજ્ઞ વિધિ વખતે મુખી–પંડિત ધર્મ આધ્યાત્મના વિષય પર પ્રવચન આપેછે ત્યારે સમુદાય સાંભળે છે તે.

૨) **કીર્તન ભક્તિ :–**

ઈશ્વરના ગુણ–ગાન ગાવાં.
યજ્ઞ વિધિ પહેલાં અને અંતે પદ–ભજનો ગવાય છે તે.

૩) **સ્મરણ ભક્તિ :–**

ઈશ્વરના નામનું નિરંતર સ્મરણ (જાપ) યજ્ઞ વિધિ દરમ્યાન અનુયાયીઓ હાથમાં માળા લઈને નામ – સ્મરણ જાપ કરે છે તે.

૪) **પદ સેવન ભક્તિ :–**

ઈશ્વરના ચરણાવિંદ સેવામાં તત્પર રહેવું. યજ્ઞ વિધિમાં સદ્‌ગુરૂ બ્રહ્માના પ્રતિનિધિ રૂપી મુખીના ચરણસ્પર્શ કરવાથી ઈશ્વર ચરણ સ્પર્શનું ફળ.

૫) **અર્ચન ભક્તિ :–**

ઈશ્વરની હંમેશાં પૂજા કરવી

યજ્ઞ વિધિ દરમ્યાન મંત્રો દ્વારા ચંદન, પુષ્પો, અક્ષત વગેરેથી અર્ચન–પૂજન કરાય છે તે.

૬) વંદન ભક્તિ :–

ઈશ્વરને નમસ્કાર કરવા

યજ્ઞ વિધિ દરમ્યાન મંત્રોના અંતે ઉપસ્થિત સમુદાય પ્રણામ – નમસ્કાર કરે છે તે.

૭) દાસત્વ ભક્તિ :–

ઈશ્વરનો દાસ છું તેવી ભાવનાથી કર સેવા કરવી.

યજ્ઞ વિધિ દરમ્યાન મુખી–સારથી તેમજ ઉપસ્થિત સમુદાય દાસત્વની ભાવના હૃદયમાં ધારણ કરી કર સેવા કરે છે તે.

૮) સખા ભક્તિ :–

ઈશ્વરને મિત્ર ભાવે ભજવા.

યજ્ઞ વિધિ વખતે દુઃખ, આપત્તિ ટળે તે માટે મિત્ર–સખાની ભાવનાથી હૃદયમાં ખરા અંતઃકરણથી મદદની કામના કરવામાં આવે છે તે.

૯) નિવેદન ભક્તિ :–

ઈશ્વરના સ્વરૂપમાં લીન થઈજવું

યજ્ઞ વિધિ દરમ્યાન "હું" "તું" ના ભેદ ભૂલી પ્રભુ ભકિતમાં લીન બની જવામાં આવે છે તે.

ૐ

મંત્રો

૧) ઉગતા સૂર્યનારાયણને નમસ્કારનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું. ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ, આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ......

ઉગતા સૂરજ, આથમતા ભાણ, નર બીજ તે શ્રી નિષ્કલંકી નારાયણ, તમે સત્યના પ્રેરક – ધારક રક્ષણહાર. પડંતે ગોર ગાયત્રી જપે તપે બિંબ ઉપાયા તબ હે સૂર્ય દેવતા તમારા ચરણે અમે આયા. સ્વામી તમે નિરંજન નિરાકાર ધર્મ કારણે લીધા અવતાર એટલી પ્રાર્થના કરે તે નરકે ન જાય

સદ્‌ગુરૂ ઈમામશાહ ...... ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૨) ધૂપ લોબાનનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે .....

ધૂપ જલે, અગર જલે, ભવની પીડા ટળે, દેવ જાગે દૈત્ય ભાગે, ધૂપ ત્યાં રૂપ, દેવ ત્યાં પૂજા, અલખ નિરંજન નિરાકાર અવર દેવ નહીં દૂજા સદ્‌ગુરૂ ઈમામશાહ ....
ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૩) દીવા જ્યોતને પ્રણામ નો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું
ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

ગુરૂ દીવો, ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધકાર, ગુરૂ વિના યુક્તિ નહીં , ગુરૂ વિના મુક્તિ નહીં, મન તાળું ગુરૂ મંત્ર કૂંચી ખોલો ધર્મ દ્વાર, દેખો નારાયણકા દીદાર, તરીએ ભવ સાગર પાર, જાગે જ્યોત ભાગે છોત

સદ્‌ગુરૂ ઈમામશાહ ....
ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૪) અપવિત્રને પવિત્ર કરવાનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું
ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

સ્વામી તમે પરમ પવિત્ર, પવન પવિત્ર, પાણી પવિત્ર, ધરતી પવિત્ર, આકાશ પવિત્ર, ચંદ્ર સૂર્ય પવિત્ર, સાત સમુદ્ર પવિત્ર, અષ્ટકુળ પર્વત પવિત્ર, નવકુળ નાગ પવિત્ર, તન પવિત્ર, મન પવિત્ર, પાંચ કરોડીસું પ્રહલાદ પવિત્ર , સાત કરોડીસું હરિશચંદ્ર પવિત્ર, નવ કરોડીસું યુધિષ્ઠિર પવિત્ર, જતિયા સતિયા પવિત્ર, પંચાયતન પવિત્ર, પ્રભુ તમારા નામથી આ દાસ પવિત્ર, સદ્‌ગુરૂ ઈમામશાહ ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૫) સર્વ દેવ દેવતા – ઋષિવર – વિરાટ વિશ્વ ને નમસ્કારનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

આદ્ય નારાયણને નમસ્કાર, બ્રહ્મા, વિષ્ણુ, મહેશને નમસ્કાર, આદ્યશકિતને નમસ્કાર, શ્રી નિષ્કલંકી નારાયણને નમસ્કાર, પ્રથમ પુરૂષને નમસ્કાર, હરિવંશ કુળ કાયમના પરિવારને નમસ્કાર, ધરતી આસમાનને નમસ્કાર, પવન પાણીને નમસ્કાર, ચંદ્ર સૂર્યને નમસ્કાર, નવલાખ તારાને નમસ્કાર, બાર મેઘને નમસ્કાર, નવકુળ

નાગને નમસ્કાર, સાત સમુદ્રને નમસ્કાર, નવસો નવ્વાણુ નદીઓને નમસ્કાર, અગિયાર રૂદ્રને નમસ્કાર, બાર આદિત્ય ને નમસ્કાર, આઠ વસુને નમસ્કાર, અશ્વિનીકુમારને નમસ્કાર, ઓગણ પચાસ મરૂતને નમસ્કાર, ચૌદ બ્રહ્માંડને નમસ્કાર, સાતવાર સત્તાવીસ નક્ષત્રને નમસ્કાર, પંદર તિથી બાર કરણને નમસ્કાર, નવગ્રહને નમસ્કાર, સાત દ્વિપને નમસ્કાર, નવખંડ પૃથ્વીને નમસ્કાર, ચોવીસ મુલકને નમસ્કાર, અષ્ટકુળ પર્વતને નમસ્કાર, અઢાર ભાર વનસ્પતિને નમસ્કાર, ચાર વેદને નમસ્કાર, ચાર ગ્રંથને નમસ્કાર, ચાર ખાણ ચાર વાણને નમસ્કાર, અગ્નિ તેજ અન્નદેવને નમસ્કાર, આદિ અંત મધ્યના દેવને નમસ્કાર, ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમને નમસ્કાર, દશ દિગ્પાળને નમસ્કાર, દશે દિશાઓને નમસ્કાર, નવનાથ ચોર્યાશી સિદ્ધને નમસ્કાર, ચોસઠ જોગણી ને નમસ્કાર, અઠયાસી સહસ્ત્ર ઋષિને નમસ્કાર, એકલાખ એંસી હજાર સંત મહાત્માઓને નમસ્કાર, અડસઠ તીર્થને નમસ્કાર, નવ્વાણુ કરોડી ઝાંખાને નમસ્કાર, છપ્પન કરોડી મેઘાને નમસ્કાર, બત્રીસ કરોડી કિન્નરને નમસ્કાર, પાંચ કરોડી પ્રહ્લાદને નમસ્કાર, સાત કરોડી હરિશ્ચંદ્રને નમસ્કાર, નવ કરોડી યુધિષ્ઠિરને નમસ્કાર,

બાર કરોડી કમળાકુંવરને નમસ્કાર, તેત્રીસ કરોડી દેવતાને નમસ્કાર, સર્વ ઋષિવર ગતગંગાને નમસ્કાર, દશે અવતારને નમસ્કાર, મુખી મુસાફરને નમસ્કાર, ચૌદ ભુવનના દેવ ઋષિવરને નમસ્કાર, કરણ કલ્પના અનંત કરોડી દેવને નમસ્કાર, સ્વામી અમારા અપરાધ ક્ષમા કરો, સત્પંથના માર્ગ માંહે રાખો, લક્ષ ચોર્યાસીના ફેરા ટાળો, તેત્રીસ કરોડી ના મેળા આપો, જાંબુ દ્વિપના ધણી

સદ્‌ગુરૂ ઈમામશાહ ......

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૬) નિત્ય આરાધનાનો, દોષનિવૃતિ તથા કામના પુર્તીનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

સ્વામી આજ કલિયુગનું વર્તમાન જો આજ આદ્ય નારાયણનું સ્થાન, ઘટે બ્રહ્મા, ઘટે વિષ્ણુ, ઘટે દેવ મહેશ્વર, ઘટમાં ચૌદ લોકનો વાસ, તેત્રીસ કરોડી દેવતાનો વાસ, શ્રી નિષ્કલંકી નારાયણ, સિંહાસન તમારું, તમે સ્થાપો,

તમે બેસો, સત તમારું દત્ત તમારું, ધર્મ તમારો, કર્મ તમારું, સ્વામી સાચા તમે, પવિત્ર તમે, આદ્ય તમે, અંત તમે, પ્રગટ તમે, ગુપ્ત તમે, દાતાર તમે, ઈશ્વર તમે, કાયમ તમે, દયામય તમે, ઉદાર તમે, તમો કરો તે થાય, તમારે મંદિરે, તમારે દ્વારે જે કોઈ આવે, સકળ સંઘને ભાવે, અમો સેવકો અપરાધી, અમારા અપરાધ ક્ષમા કરો, બીજા અપરાધ ન કરાવશો, અમને તમારા ચરણમાં રાખો સ્વામી ઐકય કરો દ્વૈત શત્રુતા દૂર કરો, શાન્તિ કરો, દયા કરો, આવતી બલા ટાળો, કમાઈમાં બરકત આપો, રોજી અક્ષય કરો, બાલ ગોપાલ પર કૃપા દૃષ્ટિ કરો, અનિષ્ટ પરહરો ને ઈષ્ટ કરો, સેવકની ખેતીવાડી, વણજ, વેપાર, ઉદ્યોગ ધંધામાં બરકત આપો જે ભંડારથી ભંડાર નીકળે તે ભંડાર ભરપૂર કરો. સ્વામીજી તમારા સિંહાસન, ઘટપાટ આગળ એ જીવ જે કોઈ કામના, આશા, આકાંક્ષા કરે તે સેવકની ઈચ્છા કામના પૂર્ણ કરો,

સદ્‌ગુરૂ ઈમામશાહ ....

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૭) **થાળ–અક્ષય પાત્રનો મંત્ર :–**

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્દગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

હરિશ્ચંદ્ર ચતુરવેદી બ્રહ્મા મોક્ષ દાતાર, દેવ મહેશ્વર અને સહદેવ તપી, કસે કળશ કીરતાર, ચાર યુગ મધ્યે જીવ ઓધાર્યા, પાંચ, સાત, નવ, બાર, તેત્રીસ કરોડી અનંતના મેળા આપો. તમે હરીવંશ પાત્ર સ્વામીજી, ભાવભકિત સિદ્ધ કરો, થાળ પ્રસાદ, નિશાની, મહેમાની, દશાંશ, સુકિત, દામ, દોકડો, પાન, ફૂલ, ફળ, અન્ન, પાણી, શાક, પાક, ભકિત ઉપાસના સ્વીકાર કરો.

સ્વામી તમસુ બલિહારી, અમને આશા દેવ તમારી, અક્ષયપાત્ર અખૂટ કરો, સ્વામી તમે ગત–ગંગાને રોશન કરો. અન્નપૂર્ણા અન્ન પૂરો, પાણી પૂરો ગણેશ રિધ્ધિ–સિધ્ધિ આપો માતા ભવાની, મહાદેવ સ્વામી ભોજન પીરસે, માતા ભવાની ગયા બ્રહ્માજીની પાસ, રિધ્ધિ સિધ્ધિ આપો તમારા દાસ, ભરો ભંડાર થાઓ સુખી, અન્ન દેવ પૂર્ણ જલંધર મુખી

સદ્દગુરૂ ઈમામશાહ ......

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૮) પ્રસાદ ભોજન જમવાનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે ....

સ્વામી તમે સૃષ્ટિના સર્જનહાર, થાળ મહેમાની તમારે ભાવે સુભાવે, તમારે નિમિત્તે, તમારે ભોજનસ્થળે સ્વીકાર કરો. અન્ન પાણીના આહાર, પાન ફૂલના ભોકતા, સકળ સંઘ ઉપર દયાની દૃષ્ટિ કરો. તમારું તેજ પ્રગટ કરો. સેવક પર દયા દૃષ્ટિ કરો. અનંત જીવ તપ કરી આવ્યા એમ દેવ વદે વાયક ભાખંતે. સદ્‌ગોરે હેત કર્યા તે ચતુરવેદી બ્રહ્મા, સ્વામી હક દાણા સેવાએ આણ્યા, જાકા દાણા ખટ્ટી કર કમાણા. સત્યસુ લાના પ્રેમસુ પકાના, સન્યાસી ગ્રાસ દાણા. બ્રહ્માર્પણ કરકે ખાના સ્વામી તુમકો પહુંચાના

સદ્‌ગુરૂ ઈમામશાહ ......

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

૯) પ્રસાદ ભોજન જમ્યા પછીનો મંત્ર :–

ૐ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આદરૂં છું.

ૐ નમો શ્રી સદ્‌ગુરૂ પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી આશિષે.......

એક ગણું દાન સહસ્ત્ર ગણું પૂન્ય આખર વેળાએ સેવકની રક્ષા કરો. વિશ્વાસ અંખડ રાખો. ધર્મને માર્ગે રાખો. સ્વામી સહાય કરો. જે ભંડારથી રોજી આવે તે ભંડાર ભરપૂર કરો. સ્વામી તમારો પ્રસાદ તમે આપ્યો, સેવક જમ્યો. પ્રકાશ થયો સ્વામી તમોને પહોંચાડયો.

સદ્‌ગુરૂ ઈમામશાહ ......

ૐ શ્રી નિષ્કલંકી નારાયણને નમો નમઃ

❖ ✦ ❖

હરિ ૐ ધૂન

મધૂર મધૂર નામ હરિ હરિ ૐ
પાવન પાવન નામ હરિ હરિ ૐ
મંગલ મંગલ નામ હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
પ્રેમ સે બોલો પ્યારા નામ હરિ હરિ ૐ
ખાતે પીતે વોહી નામ હરિ હરિ ૐ
જાગતે સોતે જપો નામ હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
ગોકુલ મેં ગોપી બોલી હરિ હરિ ૐ

વૃંદાવનમેં રાધા બોલી હરિ હરિ ૐ
મેવાડમેં મીરા બોલી હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
પીરાણામેં ઈમામશાહ બોલે હરિ હરિ ૐ
ગુરૂદ્વારમેં સંત બોલે હરિ હરિ ૐ
હર મંદિરમેં સેવક બોલે હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
કુકસમેં નાયા બોલે હરિ હરિ ૐ
દેવા ધામમેં ભાભારામ બોલે હરિ હરિ ૐ
રૂણ ધામમેં કીકીબાઈ બોલી હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
સંતો કા પ્યારા નામ હરિ હરિ ૐ
દિલોંકા દુલારા નામ હરિ હરિ ૐ
પાપોંકા સંહારક નામ હરિ હરિ ૐ
પુણ્યોંકા સહારા નામ હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ
કરસનદાસજી મહારાજ બોલે હરિ હરિ ૐ
જગન્નાથજી મહારાજ બોલે હરિ હરિ ૐ
વિશ્વશાંતિકા મંત્ર બોલે હરિ હરિ ૐ
હરિ ૐ ઽ ઽ ૐ હરિ ૐ

આરતી

૧ – જય જગદીશ હરે

ૐ જય જગદીશ હરે .... પ્રભુ જય જગદીશ હરે ....
ભકત જનોકે સંકટ ... (૨) ક્ષણમેં દૂર કરે ....
ૐ જય જગદીશ હરે ....
જો ધ્યાવે ફલ પાવે, દુઃખ બિનસે મનકા ....
સુખ સંપત્તિ ઘર આવે .... કષ્ટ મીટે તનકા ... ૐ જય ....
માત પિતા તુમ મેરે , શરણ ગ્રહું મેં કિસકી ....
તુમ બીન ઔર ન દુજા (૨) આશ કરૂં મૈં કીસકી .... ૐ જય ...
તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી
પરિબ્રહ્મા પરમેશ્વર તુમ સબકે સ્વામી
તુમ કરૂણા કે સાગર .... તુમ પાલન કર્તા .... ૐ જય ...
મૈં મુરખ ખલ કામી (૨) કૃપા કરો ભર્તા .... ૐ જય ...
તુમ હો એક અગોચર સબકે પ્રાણપતિ,
કીસ વિધ મિલુ દયામય (૨) તુમકો મૈં કુમતિ .... ૐ જય ...
દિનબંધુ દુઃખહર્તા તુમ પ્રભુ મેરે .....
અપને હાથ બઢાઓ (૨) દ્વાર ખડા તેરે .... ૐ જય ...
વિષય વિકાર મીટાઓ પાપ હરો દેવા
શ્રદ્ધા ભકિત બઢાઓ (૨) સંતન કી સેવા .... ૐ જય ...

૨ – દશ અવતારની આરતી ....

જયદેવ જયદેવ । જયસદ્‌ગુરૂ સ્વામી ! પ્રભુ, જય સદ્‌ગુરૂ સ્વામી
આરતી કીજે નકલંક દેવની અક્ષય પદ ધામી ॥ જયદેવ

પ્રથમ મચ્છ અવતારે માર્યો શંખાસુર પાપી ॥ પ્રભુ માર્યો
ચાર વેદ લાવીને દીધા, બ્રહ્માને આપ્યા ॥ જયદેવ ... ૧
બીજો કુર્મ અવતારે, પર્વત પીઠ ઉપર ધાયો ॥ પ્રભુ પર્વત
સાત સમુદ્ર મંથન કરીને , ચૌદ રતન કાઢયાં ॥ જયદેવ ... ૨

ત્રીજો વરાહ અવતારે, માર્યો મોરધ્વજ પાપી ॥ પ્રભુ માર્યો
દાઢે ગ્રહી લઈ આવ્યા, અવની ઉર સ્થાપી ॥ જયદેવ ... ૩

ચોથો નરસિંહ અવતારે, માર્યો હિરણ્યાકશ્યપ ભૂપ ॥ પ્રભુ માર્યો
નખથી માર્યો પાપી, લઈ નરસિંહ રૂપ ॥ જયદેવ ... ૪

પાંચમે મહા બલિરાય, દેખી સુરનર કાંપ્યા । પ્રભૂ દેખી
વામન રૂપ ધરી બલીને, પાતાળે ચાંપ્યા ॥ જયદેવ ... ૫

છઠે પરશુરામ અવતારે, ફરશી હાથોમાં લીધી ॥ પ્રભુ ફરશી
સહસ્ત્રર્જુન મારી પૃથ્વી નક્ષત્રી કીધી ॥ જયદેવ ... ૬

સાતમે રામ અવતારે , આનંદ કૌશલ્યા પામી । પ્રભુ આનંદ
દશમુખ રાવણ માર્યો, સીતાના સ્વામી ॥ જયદેવ ... ૭

આઠમે કૃષ્ણ અવતારે, ગોવિંદ ગોકુળ ગૌ ચારી । પ્રભુ ગોવિંદ
મામા કંસને માર્યો, ગોવર્ધન ધારી ॥ જયદેવ ... ૮

નવમે બુદ્ધ અવતારે, ભાર ભૂમિ પર વધ્યો । પ્રભુ ભાર
ધ્યાન ધરી ધરણીધર બેઠા, યોગ યુગાત સાધ્યો ॥ જયદેવ ... ૯
દશમે નકલંકી અવતાર, પૃથ્વી નકલંકી કરશે । પ્રભુ પૃથ્વી
દૈત્યને મારીને હરિ સુધ સેવકની લેશે ॥ જયદેવ ... ૧૦

દશ અવતારની આરતી જે કોઈ ભાવે ગાશે । પ્રભુ જેકોઈ
આરતી બોલ્યા સદગુરૂ બ્રહ્મા, મોક્ષગતિ થાશે ॥ જયદેવ ... ૧૧

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન કી જય.
ૐ શ્રી સદગુરૂ ઈમામશાહ મહારાજ કી જય.
ૐ શ્રી સતપંથ સનાતન ધર્મ કી જય.
ૐ શ્રી કરસનદાસજી મહારાજ કી જય.
અપને અપને ગુરૂ મહારાજ કી જય.

૩ – શ્રી ગુરૂબ્રહ્માજીની આરતી

ગુરૂ બ્રહ્માજીની આરતી ને ચમર ઢોળાય, સ્વામીજીને છતર ઢોળાય ॥
ચંદનને કેશરના સ્વામીજીને છાટણા છંટાય ॥
અત્તરને અબીલના સ્વામીજીને છાટણા છંટાય ॥ધૃ॥
પહેલા કર્તા યુગમાં સ્વામીજીને સોનાના છે ઘાટ ॥
સ્વામીજીને સોનાના છે પાટ ॥
સોનાને સિંહાસન બેઠા શ્રી નરસિંહ અવતાર ॥૧॥
બીજા ત્રેતા યુગમાં સ્વામીજીને રૂપાના છે ઘાટ ।
સ્વામીજીને રૂપાના છે પાટ ॥
રૂપાને સિંહાસન બેઠા શ્રી રામચંદ્ર અવતાર ॥૨॥
ત્રીજા દ્વાપર યુગમા સ્વામીજીને તાંબાના છે ઘાટ ।
સ્વામીજીને તાંબાના છે પાટ ॥
તાંબાના સિંહાસન બેઠા શ્રી કૃષ્ણજી અવતાર ॥૩॥
ચોથા કલયુગમા સ્વામીજીને માટીના છે ઘાટ ॥
સ્વામીજીને માટીના છે પાટ ॥
માટીના સિંહાસન બેઠા શ્રી નિષ્કલંકી અવતાર ॥૪॥
આ રે આરતી બોલ્યા સતગુરૂ બ્રહ્મા ॥ બોલ્યા સતગુરૂ બ્રહ્મા ॥
જાંબુરે દ્વિપમા બેઠા નર નિષ્કલંકી રાય ॥૫॥

૪ – આનંદમંગલની આરતી

આનંદ મંગલ કરૂં આરતી ॥ હરિ ગુરૂ સંતની સેવા ॥ધૃ॥
પ્રેમ ધરી હરી મંદિરે પધરાવું ॥ સુંદર સુખડા લેવા ॥૧॥
સંત મળે તો મહાસુખ થાયે ॥ ગુરૂ મળે તો મેવા ॥૨॥
ત્રિભુવન તારણ ભકત ઉધ્ધારણ ॥ આનંદ રૂપી એવા ॥૩॥
શિવ સનકાદિક ઓર બ્રહ્માદિક ॥ નારદ શારદ જેવા ॥૪॥
તે ચાલીને ચરણે આવે ॥ ચરણામૃતને લેવા ॥૫॥
તીરથ સહુ સતગુરૂને ચરણે ॥ ગંગા જમુના રેવા ॥૬॥
પ્રીતમ કહે ઓળખ્યો અણસારે ॥ હરી હરીજન જેવા ॥૭॥

❖ ✦ ❖

સુભાષિતો

ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક ।
ચોખ્ખા કપડા જોઈને, ચોખ્ખુ કહે સૌ લોક ॥

ચોખ્ખું મારૂં મુખડું, ચોખ્ખા મારા હાથ ।
ચોખ્ખા મારા દિલમાં, રહે જગતનો નાથ ॥

પરોઢિયે નિત ઉઠીને, લેવું ઈશ્વરનું નામ ।
દાતણ કરી નાહ્યા પછી, કરવા પાઠ તમામ ॥

કહ્યું કરો મા બાપનું, દો મોટાને માન ।
ગુરૂને બાપ સમા ગણો, મળશે સારૂં જ્ઞાન ॥

જૂઠ કદી ન બોલવું, ત્યજવું આળસ અંગ ।
હળીમળીને ચાલવું, રાખવો સારો સંગ ॥

નિત્ય જવું નિશાળમાં, ભણવું રાખી ચિત્ત ।
ગુરૂની શિક્ષા માનવી, એવી રાખો રૂડી રીત ॥

રાખો નહી મન રમતમાં, સમજો સારી પેરે ।
નિશાળમાંથી નીકળી, જવું પાંસરૂં ઘેર ॥

રાત્રે વહેલા જે સૂવે, વહેલા ઉઠે વીર ।
બળ બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર ॥

ઓહ ! ઈશ્વર ભજીયે તને, મોટું છે તુજ નામ ।
ગુણ તારા નિત્ય ગાઈએ, થાય અમારા કામ ॥

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ ।
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ ॥

ૐ શાંતિઃ ! શાંતિઃ ! શાંતિઃ !

❖ ✦ ❖

ચાર યુગના પૂજ્ય

અ.નં.	વિગત	પહેલા કર્તાયુગમાં
૧	વેદ	ઋગ્વેદ
૨	જગત્‌ગુરૂ	શ્રી અમરતેજ
૩	ભકતનું નામ	શ્રી પ્રહ્‌લાદજી
૪	દાનવનું નામ	શ્રી હિરણ્યાકંશ
૫	યજ્ઞનું નામ	હસ્તીમેઘ
૬	આસન ઘટ–પાટ	સોનાના
૭	જાપ	શ્રી નરસિંહ
૮	વ્રતનું મહાત્મય	સુદ ૧૧ ને રવિવાર
૯	યુગનો પૂજ્ય રંગ	રકત વર્ણ
૧૦	દિશા	ઉત્તર
૧૧	તીર્થ	૨૪ તીર્થ

પાત્રોની યાદી

બીજા ત્રેતાયુગમાં	ત્રીજા દ્વાપરયુગમાં	ચોથા કળીયુગમાં
યજુર્વેદ	સામવેદ	અથર્વવેદ
શ્રી વશિષ્ઠ ઋષિ	શ્રી વેદવ્યાસ	શ્રી ઈમામશાહ મહારાજ
શ્રી હરિશ્ચંદ્ર	શ્રી યુધિષ્ઠિર	શ્રી કમળાકુંવર
રાવણ	દુર્યોધન	દહીંત કાળીંગો
અશ્વમેઘ	ગૌ મેઘ	વારિ યજ્ઞ
રૂપાના	ત્રાંબાના	માટીના
શ્રી રામ	શ્રી કૃષ્ણ	શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનાય
સુદ ૧૪ ને મંગળવાર	સોમવતી અમાસ	સુદ ૨ ને શુક્રવાર
જરદ વર્ણ	શ્યામ વર્ણ	શ્વેત વર્ણ
પૂર્વ	દક્ષિણ	પશ્ચિમ
૧૮ તીર્થ	૧૪ તીર્થ	૧૨ તીર્થ

અ.નં.	વિગત	પહેલા કર્તાયુગમાં
૧૨	અવતાર	ચાર શ્રી મચ્છ, શ્રી કૂર્મ, શ્રી વ્યારાહ, શ્રી નરસિંહ
૧૩	વિષ્ણુનો પરિવાર	૧૬ કરોડી
૧૪	સ્થળ	કાશ્મિર
૧૫	ક્ષેત્ર	ચરણાપુરી
૧૬	આયુધનું નામ	નખ
૧૭	સતીઓના નામ	શ્રી બાઈ
૧૮	નદીઓના નામ	ગંગાજી
૧૯	મોક્ષપદ પામ્યા	પાંચ કરોડ
૨૦	મનુષ્યના અવતારો	૩૫ અવતાર
૨૧	મનુષ્યનું આયુષ્ય	૧,૨૦,૦૦૦ વર્ષ
૨૨	દાગ	વાયુદાગ

બીજા ત્રેતાયુગમાં	ત્રીજા દ્વાપરયુગમાં	ચોથા કળીયુગમાં
ત્રણ	બે	એક
શ્રી વામન,	શ્રી કૃષ્ણ	શ્રી નિષ્કલંકી
શ્રી પરશુરામ, શ્રી રામ	શ્રી બુદ્ધ	
૩૨ કરોડી	૫૬ કરોડી	૭૦ કરોડી
અયોધ્યા	ગોકુળ	કુંવારીકા–પીરાણા
લંકાપુરી	મથુરા	પંચનદી–વૌઠા
ધનુષ્ય	ચક્ર	તલવાર
શ્રી તારામતી	શ્રી દ્રૌપદી	શ્રી સુરજા રાણી
સરયુ	યમુનાજી	સાબરમતી
સાત કરોડ	નવ કરોડ	બાર કરોડ
૨૫ અવતાર	૧૬ અવતાર	૮ અવતાર
૧૨,૦૦૦ વર્ષ	૧૨,૦૦ વર્ષ	૧૨૦ વર્ષ
જળદાગ	અગ્નિ દાગ	ભૂમિ દાગ

માનવ જીવડા સમજી લેજે

માનવ જીવડા સમજી લેજે , આ કાયા નથી રહેવાની
ભાતુ તારૂ બાંધી લેજે, ત્યા જરૂર પડશે ખાવાની
સંસારમાં રહીને સાધુ બનજે, દુઃખીયાની સેવા કરવાની
રડતાના તુ આંસુ લુજે, ફરજ પાળજે હસવાની
માત પિતાની સેવા કરજે, તક છે આશીષ લેવાની
ગુરૂ ચરણમાં વંદન કરજે, કંઠી ગુરૂની પહેરવાની
સાઈઠ વર્ષે તું ત્યાગી બનજે, નહીંતર ફજેતી થાવાની
પાંચ પચીસનું પુન્ય કરજે, સુવાસ તારી રહેવાની
સમય લઈને ભજન કરજે, જરૂર છે રામનામ ગાવાની
ચીઠી ફાટસે ઉપરવાળાની, ત્યારે વેળા થાશે જાવાની
સગુ કુટુંબ સહુ સાથે મળીને, ચમચી પાણી પાવાની
પાંચ પચીસ જણ ભેળા થઈને, કરે ઉતાવળ કાઢવાની
લાકડા ભેળા બાળી દેશે, હશે ઉતાવળ નાવાની
લોટ પાણીને લાડવો મુકશે, જરૂર નથી તારે ખાવાની
હાડકા લઈને હાલતા થાશે, રાખ તારી ઉડી જાવાની
બાર દિવસ તારી મોકાણ કરશે, ઉતાવળ મિષ્ટાન ખાવાની
સોળમા દિવસે વરસી વારસે, ઉતાવળ સોગ મુકવાની
ત્રીજા વરસે શ્રાધ્ધમાં ભેળવે , કાગને વાસ નાખવાની
પ્રાણ સગી છે આ દુનીયા, ઘડીકમાં ભુલી જાવાની
માટે માનવ જીવડા તારે, જરૂર છે સમજી લેવાની

સદ્‌ગુરૂની શિખામણ

સદ્‌ગોર તણી શિખામણ સાચી,
સાંભળો ઋષિવર એકાંતિ. ૧
દિન પર્તે કરો ધામ સુ ધંધા,
સાંજ પડે થાઓ સાહેબ કા બંદા. ૨
કોઈ કેની ન કરશો નિંદા,
જઈ ગોર ગતમાં ને કહો હેજંદા. ૩
ગોર મુખે તમે રહો રે બંદા,
ઋષિવર કરી યેહી સંધ્યા. ૪
એમ વંદો સંધ્યા ઋષિવર ભાઈ,
મેલો ક્રોધ, ન કરશો ઈર્ષાઈ. ૫
મન મારો તો મમતા મૂઈ,
ધર્મશાળામાં ન રહેશો સૂઈ. ૬
ધર્મશાળામાં પર વાત ન કરશો,
આહાર ઘણું કરી પેટ ન ભરશો. ૭
ભરશો પેટ તો ભારી થાશો,
આવશે નિંદ્રા પછી પસ્તાશો. ૮

હળવે પેટે હાંસલ થાશે,
જાગતાં જીતશો સદ્‌ગોર સાથે. ૯

વડા મોટાની અદબે રહેજો,
મોટા તણા બે અવગુણ સહેજો. ૧૦

દહાડો વડો તેને વરસ કરી જાણો,
બોલો મીઠા વચને પ્રેમ જ આણો. ૧૧

આપણાથી જે નાનેરો ભાઈ,
તેને બોલાવો મોટેરો કહી. ૧૨

મીઠા વચને બોલો વીરા,
તમ મુખે તો ઝલકે હીરા. ૧૩

સદ્‌ગોર મલ્યાનો એ છે ભેદ,
ઋંષિવર ઋષિવરનો ન કરશો ખેદ. ૧૪

સાંભળે રૂડું ને ઓચરે કૂડું,
નીશ્ચે તેનું થાશે જ ભૂડું. ૧૫

આળસ નિંદ્રા ન કરવી જાણી,
જૂઠ તજો વેદ વચન પ્રમાણી. ૧૬

કૂડ કપટ સર્વે નાખો કાઢી,
અમીરસ પી, નીશાની લો દહાડી. ૧૭

ઘર થકી ધર્મશાળામાં આવો,
ઉપજાવી ભાવ નીશાની લાવો. ૧૮

સંપત્ત ઊપજે તે તમે લાવો,
મુખી સાથે ન કરશો દાવો. ૧૯

દાવો કરે દુનિયાને ભાવે,
આવે દારિદ્ર ને દેવ નહી પાવે. ૨૦

અધર્મીને ઉણીયાચારી,
જાણ્યું અજાણ્યું તે દે પચારી. ૨૧

સુતક લાઈ ભર્યા જો રહેશો,
હાણ ઊપજશે બહુ દુઃખ સહેશો. ૨૨

અમી નિશાની નહીં લો દાડી,
તો ગોરજી મેલશે ગતમાંથી કાઢી. ૨૩

ધર્મી ધીંગાણાની વાત ન જાણે,
અધર્મી મનમાં ઓછું આણે. ૨૪

જ્ઞાન ધ્યાનમાં જુઓ વિચારી,
હાણ વર્ધને જુઓ તપાસી. ૨૫

ધ્યાન ધરી તમે જાલો સ્મકરણી,
છાના છુપા કરો ઉત્તમ કરણી. ૨૬

એવા ગુણ ગંભીરે ભરીયા,
ઋષિવર પાળો સોએ ક્રિયા. ૨૭

પ્રથમ હૃદય ધોઈ નિર્મળ કરવું,
બીજી ક્રિયા નીત ન્હાઈને જમવું. ૨૮

સત્યે ચાલવું રાત ને દિવસ,
તેમાં સાચુ બોલવું નિશ્ચે. ૨૯

દયા રાખવી દિલમાં જાણી,
સુપાત્રને દાન દેવું પ્રાણી. ૩૦

પર દુઃખ જાણી પાસે રહેવું ભાઈ,
મોટાને તો માનવા સહી. ૩૧

મોટાઈનો મન ગર્વ ન કરવો,
દસમી ક્રિયા જે ક્રોધ ન કરવો. ૩૨

ધર્મ તણું આળસ ન કરવું,
સરજ્યા સાથે ધ્યાન જ ધરવું. ૩૩

નિત – નિત ગતમાં મલવું જાઈ,
ગોરનર મુખીને મળવું ધાઈ. ૩૪

નિત–નિત અમી પીએ તે ધર્મી,
અહંકાર મૂકે તે નર કર્મી. ૩૫

જૂઠું ઋષિવરને બોલવું નહીં,
અતિથિ અભ્યાગત સંતોષવા સહી. ૩૬

ભૂખ્યાને અન્ન આપવું જાણી,
તરસ્યાને તો પાવું પાણી. ૩૭

નાગાને વિત્ર આપી અર્થ જ લેવો,
સગાકુટુંબ નો ભાર જ સહેવો. ૩૮

સઘળું સાંખી કરી, ધ્યાન જ ધરવું,
અવગુણ કરે તેનો ગુણ જ કરવો. ૩૯

ઓછું કોઈને આપવું નહીં,
અદકુ કોઈનું લેવું નહીં ૪૦

પરસ્ત્રી ગમન તો કરવું નહીં,
ભૂંડી નજરે ન જોવું ભાઈ. ૪૧

જાણી–અજાણી ન દીજે ગવાહી,
કૂડ – કપટે ન ચાલશો ભાઈ. ૪૨

મુખથી મર ન કહેવું લગાર,
વ્યાજ ખાય તેનો ન લેવો આહાર. ૪૩

હાડ વકરો કરે પાતક સહી,
પશુ પાળી ને વેચવું નહીં. ૪૪

ધરતીનું મૂલ ન કરશો માતા,
કન્યા તણું રખે દ્રવ્ય જ ખાતા. ૪૫

લાંચ ન ખાવી એક રતી,
ખોટું ખત નવ લખશો સતી. ૪૬

મેદાને જઈ પાંચ આચમન કીજે,
ચાલીશ ક્રિયા ઋષિવર પાળી લીજે. ૪૭

માટી લઈને ધોવા હાથ,
ન્હાઈ કરીને થાવું પાક. ૪૮

પાણી લઈને પેશાબ જ કરવી,
આચમન ત્રણ કરે તે નર ધર્મી. ૪૯

અણગળ્યું નીર ન પીવું પ્રાણી,
જીવતો જીવ ન મારવો જાણી. ૫૦

હીંગ તમાકુ ન ખાશો કોઈ,
અમલ આહાર તજો નર જોઈ. ૫૧

દનીમાં બેસીને ખાવું નહીં,
એઠું જુઠું ન ખાશો ભાઈ. ૫૨

ગળીનાં વસ્ત્ર પહેરવાં નહીં,
નીચની સંગત ન કરવી સહી. ૫૩

અપવાસ વ્રતની આશ ન ધરવી,
પ્રાણી પથ્થરની પૂજા ન કરવી. ૫૪

મેલી થાપણ ન રાખવી જાણી,
વખત વેળા ન ચૂકશો પ્રાણી. ૫૫

અમ્મર થઈએ તે જપીએ જાપ,
વણ પૂછે ખાધે છે પાપ. ૫૬

પા–ઘડી જતી ન કરશો લગારી,
ચાંપી–આહાર ન લેશો લગાર. ૫૭

લાલચે–પ્રીત ન કરવી ભાઈ,
માતા કહી જાણો મોટી ભોજાઈ. ૫૮

અરૂપરૂ નવ કરશો ઋષિ,
પાડોશી દુભવી નવ કરશો દુઃખી. ૫૯

વિશ્વાસઘાત ન કરવી સહી,
પડી જડી વસ્તુ ન લેવી. ૬૦

કોઈને આળ ન ચડાવવી જાણી,
ઉછીનું ન રાખવું પ્રાણી. ૬૧

પારકું ધન લઈ ભાગવું નહીં,
પુત્ર થઈને આપવું સહી. ૬૨

કોઈને ગાળ ન દેવી જાણી,
મુર્ખપણામાં ન રહેવું પ્રાણી. ૬૩

જ્ઞાન દ્રષ્ટે જોવું સૌને સરખું,
શત્રુ કરે તે નવ જ કરવું. ૬૪

સાચો જૂઠો ન કરવો વાદ,
જુઆ જુગટા નો ન કરવો સ્વાદ. ૬૫

નાચ–છંદ ભવૈયા જોવા નહીં,
એ છલભેદે સદ્ગોર ખોવા સહી. ૬૬

જમતાં ખાટું ન કહેવું ભાઈ,
વખાણવું પણ વખોડવું નહીં. ૬૭

પ્રભાતે ન્હાઈને બહાર નીસરવું,
સંસાર કરે તે નવ જ કરવું. ૬૮

તપતીર્થને કરવું સ્નાન,
નિર્મળ થઈને ધરવું ધ્યાન. ૬૯

આપણા પ્રાણીને દુઃખ નવ દીજે,
દર દીવાને પ્રીત નવ કીજે. ૭૦

હાલતાં–ચાલતાં ખાવું ન ખાશો,
કુદર્શન કરી પસ્તાશો. ૭૧

વેદ શાસ્ત્ર કહે તેમ કરવું સહી,
ચતુરાઈ ચોખ્ખાઈમાં રહેવું ભાઈ. ૭૨

ઝેર ખાઈ જંપ્લાઈ ન મરવું,
અવાગમનમાં ફરી અવતરવું ૭૩

જોર જુવાની વશ જો કરવી,
પરસ્ત્રી સાથે સંગ ન કરવી. ૭૪

આગને એઠું પાણી ન છાંટવું જાણી,
લીલું ઝાડ ન ભાંગવું પ્રાણી. ૭૫

પ્રભાતે ફૂલ ચૂંટવાના છે બહુ દોષ,
પ્રાણી પથ્થર પૂજે નહીં પામો મોક્ષ. ૭૬

અવાચક પ્રાણીની આલ ન કરવી,
ભોજન છોડી બેસ ઊઠ ન કરવી. ૭૭

એઠું પશુને ન આપવું પ્રાણી,
એબ કોઈની ન ઉગાડવી જાણી. ૭૮

ભાંજગડ કોઈની કરવી નહીં,
ગોરનાં વચન ન લોપવાં સહી. ૭૯

શિખામણ પૂછે તેને સાચી દીજે,
લઈ માળા હરિનું સ્મરણ કીજે. ૮૦

પીઓ અમીરસ બ્રહ્માજી મલિયા,
ઋષિવર પાળો સૌએ ક્રિયા. ૮૧

નવા ધર્મીને ધર્મ અપાવો જોઈ,
સો ક્રિયાની પહેરાવો જનોઈ. ૮૨

થયા બ્રાહ્મણ બ્રહ્માજી મલીયા,
આવાગમનના ફેરા ટળિયા. ૮૩

ઋષિવર સાંભળો બ્રહ્મજ્ઞાન,
ગતમાં જઈ કરો ગંગાસ્નાન. ૮૪

બ્રહ્મજ્ઞાન ગોર નરને ભાવે,
અડસઠ તીરથ ગુરુ ચરણે આવે. ૮૫

પ્રત્યક્ષ ગોરનર ગતમાં બેઠા,
ભાગ્ય જેના સદ્‌ગોર જ્ઞાને દીઠા. ૮૬

જ્ઞાન ધ્યાનમાં જુઓ વિચારી,
દુનિયા માંહે દેવ ગુપ્ત અવતારી. ૮૭

ઋષિવર તેજે રાખે જ્ઞાન,
નિર્મળ થઈને ધરવું ધ્યાન. ૮૮

મુનિવર તેજે વારે મન,
કરે કસોટી કાયા રતન. ૮૯

ભણે ઈમામશાહ સુણો ગત સોહી,
ગતમાં બેસીને ઈમાન રાખો સબ કોઈ. ૯૦

જે સદ્‌ગોર આદ્ય તપસ્વી કહેલાએ,
સો તપસ્વી જાંબુદ્વિપમાં આયે. ૯૧

ગોરનર જાંબુદ્વિપે આવ્યા સહી,
મુનિવર આરાધો એક મના થઈ. ૯૨

ગોર નરે જાંબુદ્વિપે પૂર્યો વાસ,
તમે રાખો અમરાપુરની આશ. ૯૩

વાચા પાળો ઓચરો બ્રહ્મજ્ઞાન,
રહો ઋષિવર એકે ધ્યાન. ૯૪

જે રૂપે ગોર નર હોએ સહી,
તે રૂપે જાપ જપવો મુનિવર ભાઈ. ૯૫

નીચા નમી–નમી કરો પ્રણામ,
ગોર નરે જાંબુદ્વિપે કર્યો મુકામ. ૯૬

જો પુરા પ્રેમસું ધર્મે ધાઓ,
તો ઋષિવર અમરાપુરમાં જાઓ. ૯૭

અમ્મરભેદે અમરાપુરી લેશો,
ઋષિવર અમરગઢમાં રહેશો. ૯૮

અમ્મર ફળનાં ભોજન કરશો,
અનંત કલફની આવરદા ભોગવશો. ૯૯
ઋષિવર એક મને ગોરની વાચા પાળો,
બોલ્યા ઈમામશાહ અમરાપુર માલો. ૧૦૦

ભજન

રંગાયી જાને રંગમાં, તુ રંગાયી જાને રંગમાં
સીતા રામ તણા સતસંગમાં, રાધે શ્યામ તણા સતસંગમાં
આજે ભજશું કાલે ભજશું, ભજશું સીતા રામ
કયારે ભજશું રાધેશ્યામ (૨)
સ્વાસ તુટસે નાડી તુટશે (૨)
પ્રાણ નહી રે તારા અંગમાં આ રંગાયી જાને રંગમાં
તૂ રંગાયી સીતા રામ તણા સતસંગમા
જીવ જાણે તો જાજુ જીવ શું (૨)
મારૂ છે આતમમાં, પેલા અમર કરી લઉ નામ
તેડું આવશે જમનું જાણ જે (૨)
જાઉ પડશે સંગમા રંગાયી જાને રંગમાં તુ રંગાયી
સીતા રામ તણા સતસંગમાં
શિવજીકેતા પછી જંપીશુ પેલા
મેળવીલો ને ધામ, રહેવાના કરી લો ઠામ (૨)
પ્રભુ પડયો છે એમ કયા રસ્તામાં (૨)
શિવજી કેતા પેલા અંગમા, રંગાયી જાને રંગમાં
સીતા રામ ....

ઘડપણ આવશે ક્યારે ભજીશું, પેલા (૨)
કરી લો (કામ) તમામ પછી કરીશું તીરથ ધામ
આતમ એકદી ઉડી જાસે તારૂ (૨)
શરીર રહે તારા પલંગમાં
રંગાયી જાને રંગમાં સીતા રામ ....
બત્રીસ ભાતના ભોજન જમતા (૨)
ભેગી કરીલોને ભાર, એમા ક્યાથી સાંભરે રામ
દાન પુન્ય થી દૂર રહે તું (૨)
ફોગટ ફરશે અંગમા, રંગાયી જાને રંગમાં ...
સીતા રામ તણા સતસંગમાં
રંગ રાજા માં ક્યારે રચાશે
રઈ જાસે આમને આમને
માટે ઓળખને આતમ રામ (૨)
બાળા આનંદ હરીઓમ સંગે છે. (૨)
માટે ભજીશુ શિવની સંગમાં
રંગાયી જાને રંગમાં તુ રંગાયી જાને રંગમા
સીતા રામ તણા સતસંગમાં
રાધે શ્યામ તણા સતસંગમાં તુ રંગાયી જાને રંગમાં.

ૐ

ઘોષણા

ૐ કાર પરમવંદનીય છે.
સૂર્યનારાયણ ભગવાન જગતનાં પ્રાણધાર છે.
શ્રી નિષ્કલંકી નારાયણ પરમઉપાસનીય છે.
શ્રી સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજ સતપંથ પ્રવર્તક છે.
ફૂલોથી પણ પ્યારો, સતપંથ અમારો છે.
શ્રી સતપંથ સનાતન ધર્મ અખંડ રહે.
સફેદ ધજા સદાય લહેરાતી રહે.
અખંડ જ્યોતિ સદાય જલતી રહે.
સતપંથી નિડર અને વ્યસન મૂકત બને.
એકતાની ઝંખના અતૂટ રહે.
શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનની જય.
શ્રી સદ્‌ગુરૂ ઈમામશાહ મહારાજની જય.
શ્રી સતપંથી સનાતન ધર્મની જય.
અપના અપના ગુરૂ મહારાજ તથા સબ સંતન કી જય.
પ. પૂ. આચાર્યશ્રી કરસનદાસજી મહારાજની જય.
શ્રી ઉમિયા માતાજીની જય.